રેલ ભાડું યથાવત : સરચાર્જમાં વધારો

નવી દિલ્હી, તા.૨૬

કેન્દ્રીય રેલવે પ્રધાન પવનકુમાર બંસલે આજે સંસદમાં વર્ષ ૨૦૧૩-૧૪ માટેની રેલવે બજેટ રજૂ કર્યું હતું. રેલવે બજેટમાં બંસલે યાત્રી ભાડામાં કોઈ વધુ વધારો કર્યો નથી પરંતુ સરચાર્જમાં વધારો કરવામાં આવતા તેના સ્વરૂપમાં ટ્રેન યાત્રા મોંઘી થશે. ટિકિટ રિઝર્વેશન, કેન્શલ અને તત્કાલ ચાર્જ અને સરચાર્જમાં ૧૦થી ૧૦૦ રૂપિયાનો વધારો કર્યો છે જેથી રેલવે યાત્રા મોંઘી થશે.

બંસલે કહ્યુ હતુ કે આ વર્ષે યાત્રી ભાડામાં જાન્યુઆરીમાં વધારો કરવામાં આવ્યો હતો જેથી હવે બજેટમાં કોઈ વધુ વધારો કરવામાં આવી રહ્યો નથી. પરંતુ બંસલે કહ્યુ હતુ કે દર વર્ષે પાંચથી છ ટકાના યાત્રી ભાડામાં વધારાની જરૂર છે કારણ કે રેલવે હાલ કટોકટીની સ્થિતિમાં છે. વધારે સંશાધનો ઉભા કરવાની જરૂર છે. લોકસભામાં તેમના ૮૦ મિનિટ લાંબા બજેટ ભાષણમાં બંસલે યાત્રી ભાડામાં કોઈ વધારો કર્યો ન હતો પરંતુ સરચાર્જ વધારતા પરોક્ષરીતે ટ્રેન યાત્રા મોંઘી પડશે. ૧૦૬ નવી ટ્રેનોની જાહેરાત કરી હતી. આ ઉપરાંત યાત્રીઓની સુરક્ષા અને સલામતિ માટે શ્રેણીબદ્ધ પગલાઓની જાહેરાત કરવામાંઆવી હતી. ૬૭ એક્સપ્રેસ ટ્રેનો, ૨૬ પેસેન્જર ટ્રેનો, પાંચ નવી મેમુ ટ્રેનો, આઠ ડેમુ ટ્રેનોની જાહેરાત કરી હતી. બંસલ એવા પ્રથમ કોંગ્રેસી પ્રધાન છે જે ૧૭ વર્ષમાં રેલવે બજેટ રજુ કરી રહ્યા છે. રેલવેએ જાન્યુઆરી મહિનામાં ૨૧ ટકા યાત્રી ભાડામાં વધારો કર્યો હતો જેના લીધે ૬૬૦૦ કરોડ રૂપિયા વધારાના ઉભા થશે. તેમણે ઉમેર્યુ હતુ કે કેટલાક ચાર્જમાં નજીવો વધારો કરવામાં આવી રહ્યો છે જે તત્કાળ અને રિઝર્વેશન માટે છે. દરવર્ષે પાંચથી છ ટકા ભાડા વધારવાની તેમણે જાહેરાત કરી હતી.

તેઓએ ૨૦૧૩-૧૪ માટે પ્લાન ટાર્ગેટ ૬૩૩૬૩ કરોડ નક્કી કર્યો છે. રેલવે બજેટમાં નૂરના દરમાં ૫.૮ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. આનાથી એક વર્ષમાં ૪૨૦૦ કરોડ રૂપિયા મળશે. આ ઉપરાંત પેસેન્જર રિઝર્વેશન અને સંબંધિત ચાર્જથી બીજા ૪૮૩ કરોડ ઉભા થશે.

બંસલ દ્વારા સુપર ફાસ્ટ અને તત્કાલ ટિકીટ માટે રિઝર્વ વેશન ફીમાં વધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. રેલવે બજેટ રજૂ કરતી વેળા બંસલે ન્યૂ જરનેશન ઈટીકિટનીંગ વ્યવસ્થા રજૂ કરવાની જાહેરાત કરી હતી. રોકડ કટોકટીનો સામનો કરી રહેલા રેલવે સામે સંશાધનો ઉભા કરવા માટે ઘણા પડકારો હોવાની કબૂલાત બંસલે કરી હતી. તેમને કહ્યું હતું કે આ વર્ષે જાન્યુઆરીમાં યાત્રી ભાડામાં ૨૧ ટકાનો વધારો કરવામાં આવ્યા બાદ આનાથી ૬૬૦૦ કરોડની વધારાની મહેસૂલી આવક ઊભી થશે. રેલવે બજેટમાં બંસલે શ્રેણીબદ્ધ જાહેરાતો કરતા કહ્યું હતું કે રેલવે બજેટમાં યાત્રીઓની સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવશે. કોઈપણ પ્રકારના અકસ્માતોને રોકવા માટે રેલવે કટિબદ્ધ છે. તેમને એમ પણ કહ્યું હતું કે સુરક્ષિત યાત્રા યાત્રીઓનો અધિકાર છે. રેલવે સેફટી ફંડના કારણે યાત્રીઓને ફાયદો થયો છે. રેલવે ક્રોસીંગ ઉપરઅકસ્માત અંગે વાત કરતા તેમણે કહ્યું હતું કે ૧૦૭૦૦ જેટલા માનવ વગરના ક્રોસીંગને બંધ કરી કોચ બનાવવામાં આવશે. વર્ષના અંત સુધીમાં ઈટિકીટીંગની નવી વ્યવસ્થા અમલી બનાવવામાં આવનાર છે. પ્રવાસીઓને આકર્ષિત કરવા માટે પણ પગલાં લેવામાં આવી રહ્યા છે. મહિલાઓની સુરક્ષાને પ્રાથમિકતા આપવાની પણ બંસલે જાહેરાત કરી હતી. તેમને ઉમેર્યું હતું મૂકતા તેમને જણાવ્યું હતું કે આના માટે રેલવે કટિબદ્ધ છે. રેલવેમાં સાફ સફાઈ ઉપર પણ વિશેષ ભાર મૂકવામાં આવનાર છે. રેલવે નૂરના બીજા છ બોટલીંગ પ્લાન્ટ સ્થાપિત કરવાની પણ પવનકુમાર બંસલે જાહેરાત કરી હતી. તેમને ઉમેર્યું હતું કે તમામ ટિકીટ અંગેની માહિતી લોકોને મોબાઈલ એસએમએસ અને ફોન પર મળી શકશે. બાયોટોઈલેટની સુવિધા વધારવા અને ઈન્ટરનેટની સુવિધા તમામ જગ્યાઓએ સ્થાપિત કરવાની પણ વાત કરી હતી. વર્ષના અંત સુધી યાત્રીઓ રેલવે યાત્રા વધુ સાનુકૂળ રીતે કરે તે માટે નવા પગલાં લેવાઈ રહ્યા છે. ભારતીય રેલવે દેશમાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરી રહ્યુંછે. બંસલે તેમના નિવેદનવેળા વડાપ્રધાન મનમોહનસિંહ અને સોનિયા ગાંધીનો આભાર માન્યો હતો. સાથે સાથે રાજીવ ગાંધીને શ્રદ્ધાંજલિ આપી હતી. નવા પ્રોજેક્ટો, નવી ટ્રેનો માટેની માંગ વ્યાપક મળી હોવાની પણ વાત તેમને કરી હતી. રેલવેને નાણાંકીય રીતે વધુ મજબૂત રાખવાની જરૂર હોવાની તેમને રજૂઆત કરી હતી. ઉત્પાદન ખર્ચમાં તીવ્ર વધારો થયો છે જેથી રેલવે આડે નવી સમસ્યાઓ ઊભી થઈ છે. ૨૦૦૧માં યાત્રી સર્વિસ ઉપર નુકસાન ૪૯૫૫ કરોડ હતું જે વર્ષ ૨૦૧૧-૧૨માં વધીને ૨૨૫૦૦ કરોડ સુધી પહોંચ્યું છે. આ આંકડો ૨૦૧૨-૧૩માં વધીને ૨૪૬૦૦ કરોડ સુધી પહોંચી શકે છે. ૧૧મી યોજનામાં નવી લાઈન અને ઈલેક્ટ્રી ફિકેશનના ટાર્ગેટને પહોંચી વળવા પ્રયાસો થયા છે. બંસલે કબૂલાત કરી હતી કે ડબલીંગ લાઈન ઉપર ટાર્ગેટને પહોંચી વળવા સફળતા મળી નથી. વધુ ઝડપથી આગળ વધવાની જરૂર છે.

નવી મેમુ સર્વિસની યાદી

રેલવે પ્રધાન પવનકુમાર બંસલે આજે રેલવે બજેટ રજૂ કરતી વેળા એક્સપ્રેસ અને પેસેન્જર ટ્રેનોની સાથે સાથે મેમુ અને ડેમુ ટ્રેનોની પણ જાહેરાત કરી હતી. મેમુ સર્વિસની યાદી નીચે મુજબ છે.

૧. બારાબંકી-કાનપુર
૨. ચેન્નાઈ-તિરુપતી
૩. દિલ્હી-રોહતક
૪. લખનૌઉ-હરડોઈ
૫. સિલદાહ-બેરહામપુર કોર્ટ

નવી ડેમુ સર્વિસની યાદી

રેલવે મંત્રી પવનકુમાર બંસલે રેલવે બજેટ રજૂ કરતી વેળા નવી ડેમુ સર્વિસની પણ જાહેરાત કરી હતી. આઠ ડેમુ ટ્રેનો શરૂ કરવામાં આવી છે. આ ટ્રેનોની યાદી નીચે મુજબ છે.

૧. ભટકલ-થોકુર
૨. દિલ્હી-કુરુક્ષેત્ર (વાયા કેઠાલ)
૩. કટવા-જાંગીપુર
૪. લખનૌઉ-સુલતાનપુર
૫. લખનૌઉ-પ્રતાપગઢ (વાયા ગૌરીગંજ)
૬. મઢગાવ-કરવાર
૭. રોતક-રેવાડી
૮. તારનતરન-ગોવિંદવાલ સાહેબ

રેલવે બજેટ હાઈલાઈટ્સ

રેલવે પ્રધાન પવનકુમાર બંસલે આજે સવારે સંસદમાં રેલવે બજેટ રજૂ કર્યું હતું જેમાં બંસલે શ્રેણીબદ્ધ બાબતોનો સ્પષ્ટપણે ઉલ્લેખ કર્યો હતો. રેલવે સામે રહેલા પડકારોની પણ વાત કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે રેલવેને આર્થિક રીતે વધુ મજબૂત બનાવવા તમામ પગલાં લેવામાં આવશે. રેલવે બજેટની હાઈલાઈટ્સ નીચે મુજબ છે.

- રેલવે બજેટમાં યાત્રી ભાડામાં વધુ કોઈ વધારો ન કરાયો
- વર્ષ ૨૦૧૩-૧૪માં ૨૨ નવી લાઈનો હાથ ધરાશે
- સુપર ફાસ્ટ અને તત્કાલ ચાર્જમાં વધારો કરાશે
- ૬૭ નવી એક્સપ્રેસ ટ્રેનો શરૂ કરાશે
- ૨૭ નવી પેસેન્જર ટ્રોનો શરૂ કરાશે
- ૫૮ ટ્રેનોને વધુ લંબાવાશે
- ન્યૂ ડેબ્ટ સર્વિસ ફંડની રચના કરાશે
- ઓપરેટીંગ રેશિયો ૮૮.૮ ટકાનો હાંસલ કરવામાં આવ્યો છે
- ડિવિડંડ ૫ ટકાથી ઘટાડીને ૪ ટકા કરાયો છે
- ૧૨૦૦ કિલોમીટર રૂટ પર ઈલેક્ટ્રી ફિકેશન આ વર્ષે પૂર્ણ કરાશે
- ૭૨ વધારાની લોકલ ટ્રેન મુંબઈમાં શરૂ કરાશે
- કોલકાતામાં ૧૮ નવી લોકલ ટ્રેન શરૂ કરાશે
- જાન્યુઆરી મહિનામાં ભાડામાં વધારો કરવામાં આવ્યા બાદ ૬૬૦૦ કરોડ રૂપિયાની આવક થશે
- ૨૦૧૩-૧૪માં ૬૩૦૦૦ કરોડનું રોકાણ કરાયું
- ૨૦૧૩-૧૪ દરમિયાન ૧૦૪૭ મિલિયન ટન નૂર લોડિંગનો અંદાજ
- ૨૦૧૩-૧૪માં ૪૨૦૦૦ કરોડની રેલવે યાત્રી કમાણી
- સિકંદરાબાદમાં ઈન્ડિયન રેલવે ઈન્સ્ટીટ્યુટ ઓફ ફાઈનાશિયલ મેનેજમેન્ટની રચના કરાશે
- કાર્બન ફૂટ પ્રિન્ટમાં ઘટાડો કરવા રિસર્ચને પ્રોત્સાહન આપવા દિલ્હીમાં મુખ્ય સેવા
- રાજીવ ગાંધી ખેલરત્ન અને ધ્યાનચંદ એવોર્ડના વિજેતાઓને મફત ફર્સ્ટક્લાસ પાસ અપાશે
- મહાવીરચક્ર, વીર ચક્ર, કીર્તીચક્ર અને શોર્યચક્રના વિજેતાઓ જો બિનપરિણીત હોય તો તેમના મરી ગયા બાદ માતા-પિતાને ફર્સ્ટ ક્લાસ અને સેકન્ડ એસીમાં સુવિધા
- સ્વતંત્રતા લડવૈયાઓના કમ્પલેમેન્ટ્રી પાસ ફર્સ્ટક્લાસ પાસ વાર્ષિકના બદલે ત્રણ વર્ષમાં રિન્યુ થશે
- રાઈબરેલીમાં ન્યૂ વીલ ફેક્ટરી સ્થાપિત થશે
- ભીલવાડામાં ગ્રીન ફિલ્ડ ઈએમયુ મેન્યુફેક્ચરીંગ સુવિધા
- શોર્ય અને પવન ઉર્જાને પ્રોત્સાહન આપવા રેલવે એનર્જી મેનેજમેન્ટ કંપની સ્થપાશે
- ૧૦૦૦ ક્રોસીંગને શોર્ય ઉર્જાથી જોડાશે
- ૧.૫૧ લાખ ખાલી જગ્યાઓને ભરવામાં આવશે
- લોકોમોટીવ કેબને એરકન્ડીશનથી સજ્જ કરાશે
- ભારત હવે એક અબજ ટનના નૂર ક્લબમાં સામેલ
- ૨૦૧૩-૧૪ના અંત સુધી ૧૫૦૦ કિલોમીટરના કોન્ટ્રાક્ટ બે ડેડીકેટેડ રેલવે કોરીડોર માટે અપાશે
- ખાનગી-જાહેર ભાગીદારી રૂટ માટે ૧ લાખ કરોડનું લક્ષ્ય
- નવી દિલ્હીમાં સ્ટેશનોને સુધારવા માટે ૧૦૦ કરોડ
- એવન અને અન્ય પસંદગીના સ્ટેશનો ઉપર ૧૭૯ વિશેષ સીડીઓ
- રિઝર્વેશન સ્ટેટસ અંગે યાત્રીઓ માટે એસએમએસ એલર્ટની સુવિધા
- રિપેર માટે ૧૭ બ્રીજની ઓળખ કરવામાં આવી
- ૧૨મી પંચવર્ષીય યોજના માટે આયોજન પંચનો આંકડો ૧૨૫.૧૯ લાખ કરોડ
- ૩૧૮૪૬ લેવલ ક્રોસીંગને નાબૂદ કરવાનો હેતુ
- ૧૨મી પંચવર્ષીય યોજનામાં રેલવેનું કદ ૫.૧૯ લાખ કરોડ
- ડબલીંગ લાઈન ઉપરના ટાર્ગેટને પહોંચવામાં નિષ્ફળતા
- ૧૦૭૦૦ માનવ વગરના ક્રોસીંગને બંધ કરાશે
- પ્રવાસીઓ માટે નવી આઝાદ એક્સપ્રેસ ટ્રેન શરૂ કરાશે
- ટ્રેન અંગે તમામ માહિતી મોબાઈલ ફોન અને ફોન ઉપર ઉપલબ્ધ બનશે
- બાયો ટોઈલેટની સુવિધાને વધારવામાં આવશે
- રેલવે નૂરના બીજા છ બોટલીંગ પ્લાન્ટ બનાવાશે
- રેલવેમાં સાફ સફાઈ ઉપર ખાસ ધ્યાન અપાશે
- મહિલાઓની સુરક્ષા ઉપર ખાસ ભાર મૂકાશે
- ટ્રેન પ્રોટેક્શન સિસ્ટમ લાગુ કરવામાં આવશે
- મહિલાઓની આરપીએફમાં સંખ્યાને વધારવામાં આવશે
- આરપીએફમાં મહિલાઓની ભરતી વધુ તીવ્ર બનાવાશે
- વર્ષના અંત સુધી નવી ઈટિકીટંગ સુવિધા શરૂ કરાશે
- યાત્રીઓને વધુ સુવિધા મળે તેવા કોચ બનાવાશે
- વરિષ્ઠ નાગરિકો માટે સ્ટેશનો ઉપર ૪૦૦ લિફ્ટ બનાવાશે
- ઈન્ટરનેટની સુવિધાના નેટવર્કને વધુ વિસ્તૃત બનાવાશે
- રેલવે દુર્ઘટનાઓને રોકવા માટે વિશેષ સિંગ્લનીંગ સુવિધા ઊભી કરાશે
- યાત્રી સર્વિસથી નુકસાન ૨૦૦૧માં ૪૯૫૫ કરોડથી વધુને ૨૦૧૧-૧૨માં ૨૨૫૦૦ કરોડ સુધી પહોંચ્યું છે. આ નુકસાન ૨૦૧૨-૧૩માં ૨૪૬૦૦ કરોડ સુધી પહોંચી શકે છે
- શુદ્ધ બજેટ ટેકો ૧.૯૪ લાખ કરોડ સુધી પહોંચ્યો છે
- આંતરિક સંશાધનોમાંથી આવક ૧.૦૫ લાખ કરોડ થઈ છે
- નાણાંના અભાવના કારણે મોટા પ્રોજેક્ટો પૂરા થઈ શક્યા નથી
- લેવલ ક્રોસીંગ ઉપર ૪૦ ટકા અકસ્માત અને ૬૦ ટકા ખુવારી થઈ છે
- સેન્ટ્રલ રેલવે ફંડમાંથી ૫૦૦૦ કરોડની જરૂર ઊભી થઈ છે
- અંદાજિત નુકસાન ૨૫૦૦૦ કરોડ છે
- ટ્રાયલના ભાગરૂપે ટીસીએએસ મૂકાશે
- ૨૬૦ લાંબી ટ્રાયલમાં ૬૦ કિલોગ્રામ રેલનો ઉપયોગ કરી ટ્રેક સ્ટ્રક્ચરને મજબૂત કરાશે
- અતિ ઝડપી એક્સીડન્ટ રાહત ટ્રેન દોડાવામાં આવશે
- વધુ એલએચબી કોચનો સમાવેશ કરવામાં આવશે
- વન્ય વિસ્તાર મારફતે પસાર થતાં ટ્રેક ઉપર હાથીના મોતને રોકવા વધુ પગલાં લેવાશે
- મહિલા ખાસ લોકલ ટ્રેનોમાં લેડી આરપીએફ સ્ટાફ તેનાત કરવામાંઆવશે
- યાત્રી સુવિધા વધુ બનાવાશે
- લેવલ ક્રોસીંગને સંપૂર્ણપણે નાબૂદ કરાશે
- ટ્રેન પ્રોટેક્શન વોર્નિંગ સિસ્ટમ ગોઠવવામાં આવશે
- ફાયર એન્ડ સ્મોક ડિટેક્શન માટે નવી વ્યવસ્થા ૨૦૧૪-૨૪ સુધી ૧૦ વર્ષ માટે કોર્પોરેટ સેફ્ટી પ્લાન
- મહિલા સુરક્ષા ઉપર ધ્યાન આપીને મહિલાઓ માટે ૮ આરપીએફ યુનિટો ગોઠવાશે
- લોકલ, મેટ્રો ટ્રેનમાં મહિલા આરપીએફ જવાન
- નૂરના દર નુકશાનને પહોંચી વળવા વધારવાની જરૂર
- લોન્ડ્રી સ્વચ્છતા માટે ઈલેક્ટ્રોનીક સિસ્ટમ
- સ્ટેશન દર્શાવવા માટે ઈલેક્ટ્રોનીક બોર્ડ ગોઠવાશે
- પસંદગીની ટ્રેનોમાં ફ્રી વાઈફાઈ સિસ્ટમ
- ૯૦૦ પહેલાથી જ પસંદ કરવામાં આવેલા સ્ટેશન ઉપરાંત ૬૦ સ્ટેશનોને અપગ્રેડ કરાશે
- રેલવે સ્ટેશન ખાતે ફર્સ્ટ એડની સુવિધા
- વ્હીલચેરની સુવિધા અને વ્હીલચેર સ્ટેશનને પ્રાથમિકતા અપાશે
- કોચમાં આગને રોકી શકાય તેવા સાધનો વધુ ગોઠવાશે
- ૧૦૪ સ્ટેશનો સ્વચ્છતા માટે સૌથી પહેલાં હાથ ધરાશે
- ૬૦ વધુ સ્ટેશનો આદર્શ સ્ટેશન તરીકે બનશે.

ગુજરાતને પાંચ પેસેન્જર ટ્રેનો મળી

૨૬ નવી પેસેન્જર ટ્રેનો

૧. ભટિંડા-ધુરી પૈસેંજર (દરરોજ)
૨. બીકાનેર-રતનગઢ પૈસેંજર (દરરોજ)
૩. ભાવનગર-પાલિતાણા પૈસેંજર (દરરોજ)
૪. ભાવનગર-સુરેન્દ્રનગર પૈસેંજર (દરરોજ)
૫. બરેલી-લાલકુઆં પૈસેંજર (દરરોજ)
૬. છપરા-થાવે પૈસેંજર (દરરોજ)
૭. લોહારુ-સિકર પૈસેંજર (દરરોજ) ગેજ રૂપાંતર બાદ
૮. મડગાંવ-રત્નાગિરી પૈસેંજર (દરરોજ)
૯. મારિકુપ્પમ-બેંગલોર પૈસેંજર (દરરોજ)
૧૦. મુજફ્ફરપુર-સીતામઢી પૈસેંજર (દરરોજ) વાયા રૂનિસૈદપુર
૧૧. નાદિયાડ-મોડાસા પૈસેંજર (સપ્તાહમાં ૬ દિવસ)
૧૨. નાંદયાલ-કુર્નૂલ શહેર પૈસેંજર (દરરોજ)
૧૩. ન્યૂ અમરાવતી-નારખેર પૈસેંજર (દરરોજ)
૧૪. પુનલૂર-કોલામ પૈસેંજર (દરરોજ)
૧૫. પૂર્ણા-પારલી વૈજનાથ પૈસેંજર (દરરોજ)
૧૬. પલાની-ચિરુચંદૂર પૈસેંજર (દરરોજ)
૧૭. રતનગઢ-સરદારશહર પૈસેંજર (દરરોજ) ગેજ રૂપાંતર બાદ
૧૮. સમસ્તીપુર-બનમંખી પૈસેંજર વાયા સહરસા, મધેપુરા (દરરોજ) ગેજ રૂપાંતર બાદ
૧૯. શોરાનૂર-કોજીકોડે પૈસેંજર (દરરોજ)
૨૦. સુરેન્દ્રનગર-ક્રાંગડ્રા પૈસેંજર (દરરોજ)
૨૧. સૂરતગઢ-અનૂપગઢ પૈસેંજર (દરરોજ)
૨૨. સોમનાથ-રાજકોટ પૈસેંજર (દરરોજ)
૨૩. સીતામઢી-રક્સૌલ પૈસેંજર (દરરોજ)
૨૪. શ્રીગંગાનગર-હનુમાનગઢ-સાદુલપુર પૈસેંજર (દરરોજ) ગેજ રૂપાંતર બાદ
૨૫. તાલગુપ્પા-શિમોગા ટાઉન પૈસેંજર (દરરોજ)
૨૬. થ્રિશૂર-ગુરૂવાયૂર પૈસેંજર (દરરોજ)

Hello ફ્રેન્ડસ ! (પાના નં. ૪ નું ચાલુ)

નેવુનાં દસકામાં ચારેબાજુથી કાશ્મીરનું ગળું દબાવવામાં આવ્યું, કાશ્મીર સળગી ઉઠ્યું, ઘણીઘણી ઉઠ્યું અને એમાં આ ખીલેલા સંગીતની આહુતિ અપાઇ હતી. સંગીત મહેફીલો બંધ થઇ ગઇ. સિનેમાગૃહો બોમ્બ- વિસ્ફોટોમાં ભસ્મિભૂત થઇ ગઇ. મહિલાઓ અને તરૂણ યુવતીઓ પર અનેક બંધનો આવી ગયા...

અને એનાં જ પરિણામો છેક એકવીસમી સદીનાં 'પ્રગાશ'ને ભોગવવાં પડે છે...

જેમ દિલ્હીની એક ઘટનાએ દેશને હચમાવ્યો એમ જ આ કાશ્મીરની ઘટનાએ... આ તો એક ઘટનાં સોશ્યલ મીડિયાને કારણે ચર્ચામાં આવી ગઇ, અને એટલે એની ચર્ચા ચાલુ થઇ... પણ કાશ્મીરની હરિયાળી ધરતી પર, ધરતી પરનાં સ્વર્ગ પરની જિંદગી નર્ક સમાન છે, ખાસ ત્યાં વસતાં યુવક-યુવતીઓ માટે. એમને પુરતું શિક્ષણ નથી, રોજગારીની ખાત્રી નથી, મગજને શાંતિ નથી, મન પરોવવા કોઇ પ્રવૃત્તિ નથી. અરે, એકાદ ફિલ્મ જોવાની ઇચ્છા થાય તો થિયેટર ગોતવું ય અઘરૂં છે... કાશ્મીર ખુબ જ સુંદર છે પણ ત્યાં વસતાં યુવા પેઢીનું વર્તમાન અને ભવિષ્ય બંને એનાથી ઉલટ છે...

આપણે જ્યાં વસીએ છીએ ને ત્યાં વિદ્યાર્થીનીઓ, યુવતીઓ મહિલાઓ પોતાની ઇચ્છા મુજબ પ્રવૃત્તિ, અભ્યાસ, નોકરી કરી શકે છે. રાત્રે એકલી ઘરે આવી શકે છે, સંગીત - નૃત્ય, રમત-ગમતમાં નામનાં મેળવી શકે છે, અહીં કોઇ પ્રકારનાં 'ફતવા' નીકળતાં નથી. તમને તમારી સ્વતંત્રતા અનુભવવી હોય તો ગુજરાત સિવાયનાં અમૂક રાજયોની યુવતીઓનો જરા અભ્યાસ કરી લેજો...

ચૂંટલો :

કાશ્મીરની સુંદર યુવતીઓની જિંદગી બુરખા પાછળ ઢંકાઇ જાય છે અને ક્રિએટીવીટીની પ્રસિદ્ધિ 'ફતવા' હેઠળ રૂંધાઇ જાય છે... આપણને મળેલી સ્વતંત્રતા સ્વચ્છંદતામાં પલટાઇ જાય ત્યારે એમ જ કહેવાય કે આને કાશ્મીર મોકલી દો.

રાજસ્થાનમાંથી ઘણી ટ્રેનો પસાર થશે : ૬૭ નવી એક્સપ્રેસ ટ્રેનો

૧. અમદાવાદ-જોધપુર એક્સપ્રેસ (સાપ્તાહિક) વાયા સમદારી, ભીલડી
૨. અજની (નાગપુર) - લોકમાન્ય તિલક (સાપ્તાહિક) વાયા હિંગોલી
૩. અમૃતસર-લોલકુવા એક્સપ્રેસ (સાપ્તાહિક) વાયા ચંદીગઢ
૪. બાંદ્રા ટર્મિનસ-રામનગર એક્સપ્રેસ (સાપ્તાહિક) વાયા નાગદા, મથુરા, કાનપુર, લખનૌઉ, રામપુર
૫. બાંદ્રા ટર્મિનસ-જેસલમેલ એક્સપ્રેસ (સાપ્તાહિક) વાયા મારવાડ, જોધપુર
૬. બાંદ્રા ટર્મિનસ-હિસાલ એક્સપ્રેસ (સાપ્તાહિક) વાયા અમદાવાદ, પાલનપુર, મારવાડ,
૭. બાંદ્રા ટર્મિનસ -હરિદ્વાર એક્સપ્રેસ (સાપ્તાહિક) વાયા વલસાડ
૮. બેંગ્લોર-મેંગ્લોર એક્સપ્રેસ (સાપ્તાહિક)
૯. ભટિન્દા-જમ્મુ તાવી એક્સપ્રેસ (સાપ્તાહિક) વાયા પટિયાલા, રાજપુરા
૧૦. ભુવનેશ્વર - હજરત નિજામુદ્દીન એક્સપ્રેસ (સાપ્તાહિક) વાયા સંબલપુર
૧૧. બિકાનેર-ચેન્નાઈ એસી એક્સપ્રેસ (સાપ્તાહિક) વાયા જયપુર, સવાય માધોપુર, નાગદા, ભોપાલ
૧૨. ચંદીગઢ-અમૃતસર ઈન્ટરસીટી એક્સપ્રેસ (દરરોજ) વાયા સાહેબજયાદા, અજિતસિંહ નગર
૧૩. ચેન્નાઈ-કરાઈકુડી (સાપ્તાહિક)
૧૪. ચેન્નાઈ-પલાની એક્સપ્રેસ (દરરોજ) વાયા જોલારપટાઈ, સાલેન, કરુર, નમકકર
૧૫. ચેન્નાઈ ઈમરોર-થાનજોર એક્સપ્રેસ(દરરોજ) વાયા વીલ્લુપુરમ
૧૬. ચેન્નાઈ-નાગરસોલ (સાઈનગર શિરડી માટે) એક્સપ્રેસ (સાપ્તાહિક) વાયા રાની ગુન્ટા
૧૭. ચેન્નાઈ-વીલાનકન્ની લીંક એક્સપ્રેસ (દરરોજ) વાયા વિલ્લુપુરમ
૧૮. કોઈમતુર-મન્નારગુડી એક્સપ્રેસ (દરરોજ) વાયા તિરુચિરાપલ્લી, થાનજોર
૧૯. કોઈમતુર-રામેશ્વરમ્ એક્સપ્રેસ (સાપ્તાહિક)
૨૦. દિલ્હી-ફિરોજપુર ઈંટરસિટી એક્સપ્રેસ (દરરોજ) વાયા ભીટીન્દા
૨૧. દિલ્હી સરાય રોહિલ્લા-સીકર એક્સપ્રેસ (સપ્તાહમાં બે વાર) ગેજ રૂપાંતર બાદ
૨૨. દિલ્હી-હોશિયાપુર એક્સપ્રેસ (સાપ્તાહિક)
૨૩. દુર્ગ-જયપુર એક્સપ્રેસ (સાપ્તાહિક)
૨૪. ગાંધીધામ-વિશાખાપટ્ટનમ એક્સપ્રેસ (સાપ્તાહિક) વાયા અમદાવાદ, વરધા, વિજયવાડા
૨૫. હજરત નિજામુદ્દીન-મુંબઈ એસી એક્સપ્રેસ (સાપ્તાહિક) વાયા ભોપાલ, ખાંડવા, ભુસાવલ
૨૬. હાવડા-ચેન્નાઈ એસી એક્સપ્રેસ (સપ્તાહમાં બે વાર) વાયા ભાદરક, ગુડુર
૨૭. હાવડા-ન્યુ જલપાઈગુડી એસી એક્સપ્રેસ (સાપ્તાહિક) વાયા માલદા શહેર
૨૮. હુબલી-મુંબઈ એક્સપ્રેસ (સાપ્તાહિક) વાયા મિરાજ, પૂર્ણે
૨૯. ઈંદોર-ચંદીગઢ એક્સપ્રેસ (સાપ્તાહિક) વાયા દેવાસ, ઉજ્જૈન, ગુના, ગ્વાલિયર
૩૦. જબલપુર-યશવંતપુર એક્સપ્રેસ (સાપ્તાહિક) વાયા નાગપુર, ધરમવરમ
૩૧. જયપુર-લખનૌઉ એક્સપ્રેસ (સપ્તાહમાં ત્રણ વાર) વાયા બાંદીકુઈ, મથુરા, કાનપુર
૩૨. જયપુર-અલવર એક્સપ્રેસ (દરરોજ)
૩૩. જોધપુર-જયપુર એક્સપ્રેસ (દરરોજ) વાયા ફુલેરા
૩૪. જોધપુર-કામખીયા (ગુવાહાટી) એક્સપ્રેસ (સાપ્તાહિક) વાયા રતનગઢ
૩૫. કાકીનાડા-મુંબઈ એક્સપ્રેસ (સપ્તાહમાં બે વાર)
૩૬. કાલકા-સાંઈનગર શિરડી એક્સપ્રેસ (સપ્તાહમાં બે વાર) વાયા હજરત નિજામુદ્દીન (ભોપાલ)
૩૭. કામખીયા-ગુવાહાટી-આનંદવિહાર એક્સપ્રેસ (સાપ્તાહિક) વાયા કટિહાર, સીતાપુર, મોરાદાબાદ
૩૮. કામખીયા (ગુવાહાટી-બેંગ્લોર) એસી એક્સપ્રેસ (સાપ્તાહિક)
૩૯. કાનપુર-આનંદવિહાર એક્સપ્રેસ (સાપ્તાહિક) વાયા ફરુકાબાદ
૪૦. કટિહાલ-હાવડા એક્સપ્રેસ (સાપ્તાહિક) વાયા માલદા શહેર
૪૧. કટરા-કાલકા એક્સપ્રેસ (સપ્તાહમાં બે વાર)
૪૨. કોલકાતા-આગ્રા એક્સપ્રેસ (સાપ્તાહિક) વાયા અમેઠી, રાયબરેલી
૪૩. કોલકાતા-શિતામડી એક્સપ્રેસ (સાપ્તાહિક) વાયા જાજા, બરુની દરભંગા
૪૪. કોટા-જમ્મુ તવી એક્સપ્રેસ (સાપ્તાહિક) વાયા મથુરા, પાલવાન
૪૫. કરનૂલ શહેર (સિંકદરાબાદ એક્સપ્રેસ દરરોજ)
૪૬. લોકમાન્ય તિલક (ટી) - કુચુવેલી એક્સપ્રેસ (સાપ્તાહિક)
૪૭. લખનૌઉ-વારાણસી એક્સપ્રેસ (રાય બરેલી) (એક સપ્તાહમાં છ દિવસ)
૪૮. મઢગાવ-મેંગ્લોર ઈન્ટરસિટી એક્સપ્રેસ (દરરોજ)વાયા ઉદુપી
૪૯. મેંગ્લોર-કાચેગુડા એક્સપ્રેસ (સાપ્તાહિક) વાયા ધોન (ગુટી) કોયમતુર
૫૦. મઉ-આનંદવિહાર એક્સપ્રેસ (સપ્તાહમાં બે વાર)
૫૧. મુંબઈ-સોલાપુર એક્સપ્રેસ (સપ્તાહમાં છ દિવસ) પૂણે
૫૨. નાગરકોઈલ-બેંગ્લોર એક્સપ્રેસ (દરરોજ) વાયા મદુરાઈ, તિરુચીરાપલ્લી
૫૩. નવી દિલ્હી-કતરા એસી એક્સપ્રેસ, (સપ્તાહમાં છ દિવસ)
૫૪. નિજામાબાદ-લોકમાન્ય તિલક (ટી) એક્સપ્રેસ (સાપ્તાહિક)
૫૫. પટના-સસારામ ઈન્ટરસિટી એક્સપ્રેસ (દરરોજ) વાયા અરા
૫૬. પાટલી પુત્ર (પટના)-બેંગ્લોર એક્સપ્રેસ (સાપ્તાહિક) વાયા છેઓકી
૫૭. પુડુચેરી-કન્યાકુમારી એક્સપ્રેસ (સાપ્તાહિક) વાયા વિલ્લુપુરમ
૫૮. પુરી-સાંઈનગર શેરડી એક્સપ્રેસ (સાપ્તાહિક) વાયા સંબલપુર, તિલકગઢ, રાયપુર, નાગપુર
૫૯. પુરી-અજમરે એક્સપ્રેસ (સાપ્તાહિક) વાયા આબુરોડ
૬૦. રાપીકાપુર-આનંદવિહાર લીંક એક્સપ્રેસ (દરરોજ)
૬૧. રાજેન્દ્રનગર ટર્મિનશ (પટના) ન્યૂતીનસુકીયા એક્સપ્રેસ (સાપ્તાહિક) વાયા કટિહાર (ગુવાહાટી)
૬૨. તિરુપતિ-પુડુચેરી એક્સપ્રેસ (સાપ્તાહિક)
૬૩. તિરુપતિ-ભુવનેશ્વર એક્સપ્રેસ (સાપ્તાહિક) વાયા વિશાખાપટ્ટનમ
૬૪. ઉના નાગલધામ-હજબુર સાહેબ એક્સપ્રેસ (સાપ્તાહિક)
૬૫. વિસાખાપટ્ટનમ-જોધપુર એક્સપ્રેસ (સાપ્તાહિક) વાયા તિલકગઢ, રાયપુર
૬૬. વિશાખાપટ્ટનમ-કોલામ એક્સપ્રેસ (સાપ્તાહિક)
૬૭. યશવંતપુર-લખનૌઉ એક્સપ્રેસ (સાપ્તાહિક) વાયા રાયબરેલી,